# ગિજુભાઈ બધેકાનું બાળકેળવણીમાં પ્રદાન : એક અભ્યાસ

ચુડાસમા દિપકભાઈ ભરતભાઈ
*ઈતિહાસ ભવન, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી*
doi.org/10.64643/IJIRTV12I8-189757-459

## 1.પ્રસ્તાવના

રાષ્ટ્રના વિકાસ માટે કેળવણી એ ખૂબ મહત્વનું પાસું છે. કેળવણી દ્વારા જ જીવનનો સર્વાંગી વિકાસ શક્ય બને છે. કેળવણી દ્વારા જ એક ઝડ અંધારમય શરીરમાં ચૈતન્ય પાંગરવા માંડે છે અને જીવનનો સાચો અર્થ અને હેતુ સમજવાની શક્તિ પ્રાપ્ત થાય છે. એવી જ રીતે ભાવનગરમાં કેળવણીની શરૂઆત શ્રીમાન નથુરામના આશીર્વાદથી ભાવનગરના મહારાજા શ્રી. ભાવસિંહજી, શ્રી. કૃષ્ણકુમારસિંહજી તથા દિવાન સાહેબ સર પ્રભાશંકર પટણીના સહયોગથી જળવણી કાર શ્રી. નાનાભાઈ ભટ્ટ, શ્રી. હરગોવિંદ અજરામર પંડ્યા તેમજ શ્રી. ઓધવજીભાઈ તેમજ તેમના સાથી મિત્રોએ 28 ડિસેમ્બર 1910 માં દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનની સ્થાપના થી કરી હતી.

ગિજુભાઈ ને લાગ્યું કે પ્રાથમિક કક્ષા પૂર્વે નાના નાના બાળકો કે ‘ભૂલકાઓ’ને જો યોગ્ય શિક્ષણ સંભાળ આપીએ તો અદભુત પરિણામ મળી શકે. આ સાચા અર્થમાં ‘બ્રમ્હ-જ્ઞાન’હતું. ગિજુભાઈ જીવન ઘડતર માં બાળકેળવણીનું મહત્વ સ્વીકારીને ઈ.સ 1920 માં બાળ મંદિર શરૂ કરવામાં આવ્યું હતું. એટલા માટે જ ‘આપણા ગીજુભાઈ’ કહેતા દરેક ગુજરાતીઓને ગૌરવ ની લાગણી થાય છે.

## 2.ગિજુભાઈ બધેકા નો જીવન પરિચય.

પિતા ભગવાનજી બધેકા અને માતા કાશીબેન ના સુપુત્ર ગિરીજાશંકર નો (એટલે કે આપણા ગિજુભાઈ) જન્મ 15 નવેમ્બર 1885 ના રોજ ભાવનગર પાસે આવેલા વાળા (વલ્લભીપુર) ગામે ભટ્ટ શેરીમાં થયો હતો. ગિજુભાઈ ભણવામાં ખૂબ હોશિયાર, વાંચન ખૂબ ગમે. ગામડાની ધુડી નિશાળ પૂરી કરી ભાવનગરમાં પોતાના મામા શ્રી. હરગોવિંદભાઈ અજરામર પંડ્યાના ઘરે ગયા.

મેટ્રિક ની પરીક્ષા પાસ કરી ‘ગિજુભાઈ’ ભાવનગરની શામળદાસ કોલેજમાં દાખલ થયા. ઇ.સ. 1902 માં તેમના લગ્ન હરીબહેન સાથે થયા. પણ પત્નીનું અચાનક, હકાળ અવસાન થયું. ગિજુભાઈ ના પુન:લગ્ન જડી બહેન સાથે થયા. નબળી આર્થિક સ્થિતિ ના લીધે ગિજુભાઈ એ કોલેજનો અભ્યાસ છોડી આફ્રિકા તરફ પ્રયાસ કર્યો. આફ્રિકામાં નાની મોટી વિવિધ નોકરી કરી ભારત પાછા ફર્યા. ભારતમાં વકીલાત કરી સફળ વકીલ બની ધન અને કીર્તિ કમાયા. ઇ.સ. 1913 માં ગિજુભાઈ ને ત્યાં પુત્રનો જન્મ થયો અને તેનું નામ ‘ નરેન્દ્ર’ પાડ્યું. ગિજુભાઈ ને મોતીભાઈએ શ્રી. છોટુભાઈ પુરાણી લિખિત ‘મોન્ટસોરી પદ્ધતિ’વિશેની પુસ્તિકા વાંચવા આપી. ગિજુભાઈની અંદરનો તણખલો પ્રકાશ પૂંજ બનતો ચાલ્યો. ગિજુભાઈ વાંચતા ગયા, વિચારતા ગયા અને પોતાના પુત્ર નરેન્દ્ર ઉપર શિક્ષણ પ્રયોગો કરતા રહ્યા.

ગિજુભાઈ ના સૂચનો અનુસાર 1 જૂન 1918 ના રોજ “દક્ષિણામૂર્તિ કુમાર મંદિર (પ્રાથમિક શાળા)” શરૂ થઈ. ગિજુભાઈ તેમના હેડ માસ્તર થયા. પ્રાથમિક શાળા સંચાલનના અનુભવે ગિજુભાઈ ને લાગ્યું કે પ્રાથમિક કક્ષા પૂર્વે નાના નાના બાળકો કે ભૂલકાઓ ને જો યોગ્ય શિક્ષણ - સંભાળ આપીએ તો અદભુત પરિણામ મળી

શકે. આવી રીતે ગિજુભાઈ ના બાળકો પ્રત્યેના પ્રેમ થી ઇ.સ. 1920માં શ્રી દક્ષિણા મૂર્તિ બાળ મંદિરની સ્થાપના થઈ.

3.ગિજુભાઈ બધેકાનું બાળકેળવણીમાં પ્રદાન.

'પળે પળે નાના બાળકોમાં વસતા મોટા આત્માનું હું દર્શન કરું છું. એ દર્શન મારામાં એ પ્રેરણા ઉપજાવી રહ્યું છે કે બાળકોના અધિકારોની સ્થાપના કરવાને જ હું જીવતો રહું અને એ કામ કરતાં જ હું મરી ખૂટું.'

- ગિજુભાઈ બધેકા

(3.1) બાલશિક્ષણ પદ્ધતિ.

આપણે ત્યાં કહેવત છે કે ' અધમણ ઉપદેશ કરતા અધોળનું આચરણ વધુ સારું'. કેળવણી કાર શ્રી મૂળ શંકરભાઈ ભટ્ટ માને છે કે ગિજુભાઈ ના આ પ્રદાનનું મૂલ્ય નાનું સરખું કે જેવું તેવું નથી, કેળવણીના નવા વિચારો પ્રમાણેનું નવી વિચારધારા પ્રમાણેનું બાળશિક્ષણ સફળ થઈ શકે છે,તેમ તેમણે પ્રત્યક્ષ પ્રયોગ કરી બતાવી આપ્યું.
શ્રી દક્ષિણામૂર્તિ સંસ્થાના બાળ મંદિરમાં વર્ષો સુધી કામ કરીને પ્રયોગો કરીને ગિજુભાઈએ સ્પષ્ટ, વિગત પૂર્ણ પદ્ધતિ ઊભી કરી હતી. ગુજરાતના ઘણાબધા બાળમંદિરો આજે એ પદ્ધતિને સહારે પોતાની આવડત પ્રમાણે બાળશિક્ષણનું કામ કરી રહ્યા છે. કોઈ જગ્યાએ તો બાળમંદિરો એટલા સરળ ચાલી રહ્યા છે કે નાના બાળકોને ત્યાં કિલોલતા જોઈને આપણો આત્મા પ્રસન્ન થઈ જાય છે.

(3.1.1) સંગીત

પ્રયોગો કરતા કરતા કઈ રીતે શિક્ષણ વ્યવસ્થિત બન્યું, તે જોઈએ તો ગીતો, બાલગીતો, લોકગીતો, દાંડિયારાસ વગેરે સંગીતમાં મુખ્ય હતા. પછી નાચ અને નૃત્યગીત, કુચ અને રાસડાઓ,' બીલી વાઘ તણી માસી', ' નથ ઘડી દે સોનારા રે.' 'શાને લીધા મારા શ્યામ.' 'બાલમંદિરીયુ' 'મોર મોર ક્યાં થઈ ને જઈશ' વગેરે ગીતોથી બાલમંદિર ગુંજી ઉઠતું. લોક સમાજ પોતાના બાળકો માટે સાદા બાળગીતો વાપરે જ છે. ગિજુભાઈએ એને પણ પડકાર્યા અને બાળમંદિરમાં બાળકોના વિકાસ માટે તેને વ્યવસ્થિત રૂપ આપીને ઉપયોગમાં લીધા. 'મારે ઘરે આવજે માવા', 'નહિ જાઉ રે ગાવલડી ચારવાની', 'વનમાં બોલે ઝીણા મોર', વગેરે લોકગીતોની સરળતા હૃદય સુધી પહોંચી ગઈ હતી. ગિજુભાઈએ સંગીત નો ઉપયોગ ચિત્તની શાંતિ, જીવનનો આનંદ અને વિકાસપ્રદ અભિવ્યક્તિ માટે કર્યો હતો. ગિજુભાઈ જેટલો લોકગીતોનો ઉપયોગ આજના બાલમંદિરો બાલશિક્ષણમાં કરી શકતા નથી.

(3.1.2) ઇન્દ્રિય શિક્ષણ

ગિજુભાઈ લાંબુ- ટૂંકુ, હલકું – ભારે, નાનુ-મોટું, સુંવાળું -ખરબચડુ વગેરેના જ્ઞાન માટે સાધનો હતા. જેમાં ડટ્ટાપેટી, સીસીમાં પાણી રેડવું, મિનારો બનાવવો, મોઇની પેટી (ગણતરીનું સાધન), ભૌમિતિક આકૃતિઓ, પહોળો દાદરો (સીડી) બનાવવી, અંક શિક્ષણ માટે કાર્ડ, રંગની તકતી વગેરે જોવા મળે છે. ગરમ અને ઠંડુ જાણવા માટેના તથા ગંધ પારખવા માટેના આજના જેવા વ્યવસ્થિત સાધનો ન હતા. વાટકામાં ઠંડું અને ગરમ પાણી ભરીને વાપરતા. અવાજની પરખ માટે અને musical sense ની ખીલવટ માટે અવાજની ઘંટડીઓ સરસ હતી. આ રીતે વિવિધ સાધનોનો ઉપયોગ કરી ઈન્દ્રીય શિક્ષણ ગિજુભાઈએ આપ્યું હતું.

(3.1.3) ગણિત શિક્ષણ

ગણિત પ્રત્યે ગિજુભાઈ ને નાનપણથી અપ્રિતી હતી. અને તેના લીધે તેઓ ગણિતમાં પ્રયોગો કરી શક્યા ન હતા. ગણિત શિક્ષણ તેમણે સહન ન કરવું પડે એટલા માટે ગાંધીજીના સાબરમતી આશ્રમ થી જાણીતા ગણિતશાસ્ત્રી (આજના વિખ્યાત ખગોળશાસ્ત્રી) શ્રી. હરભાઈ ભટ્ટને લઈ આવ્યા હતા. ગણિતનો સંપૂર્ણ ભારત તેમને સોંપી દીધો. શિક્ષણના કામમાં આટલી

બધી વૈજ્ઞાનિક દ્રષ્ટિ વાળા કહેવણીકારો કે શિક્ષકો બહુ ઓછા જોવા મળે છે. આજે દશમાનના સાધનો, સરવાળા-બાદબાકી- ગુણાકાર-ભાગાકાર ના પાટીયા, વર્ગમૂળ-અપૂર્ણાંક- ક્ષેત્રફળ- ઘનફળ ના સાધનો વગેરે પદ્ધતિઓ એ ગણિતનું શિક્ષણ રસ ભર્યું બનાવ્યું હતું.

(3.1.4) જીવન વ્યવહારના કામો

બાળકોએ પોતાના કાર્યો જેવા કે, નાસ્તો કરવો, પીરસવું, વાટકા સાફ કરવા, આંગણું અને ઓરડા સાફ કરવા, શાક સુધારવા, ખાંડવું, અનાજના દાણા છૂટા પાડવા, હાથ- પગ સાફ કરવા, માથું ઓળાવવું, નાના કપડાં ધોવા, કપડા પહેરવા અને કાઢવા, ભૂતાન બીડવા અને ઉઘાડવા વગેરે જીવન વ્યવહારના કામો બાલમંદિરમાં હતા. ગિજુભાઈ અને તેના સાથીદારો આ પ્રવૃત્તિઓ બાલમંદિરમાં સ્વાભાવિક રીતે કરાવતા હતા. અને તેના દ્વારા નાના બાળકોનું જીવન સ્વાવલંબન બનતું અને બાળકોનું જીવન આત્મવિશ્વાસથી ભર્યું.

(3.1.5) ઢીંગલી ઘરની મનાઈ (ન રાખવું)

આજના કેળવણીકારોએ ઢીંગલીઘરને બાલમંદિરમાં ધીરે ધીરે અનિવાર્ય ગણવા માંડ્યું છે. આજની સંસ્કૃતિના એક અનિવાર્ય અનિષ્ટ તરીકે તેનો સ્વીકાર થયો છે. બાળક પોતાની છવાયેલી વૃતિઓને ઢીંગલી સાથે રમતા- રમતા અભિવ્યક્ત કરી કાઢે છે. તેવી દ્રષ્ટિ તેની પાછળ હોય છે. ગિજુભાઈ માનતા કે ઢીંગલીની રમત દ્વારા જીવનની કુત્રિમ પ્રવૃત્તિઓ બાળક પાસે ધરવી તેના કરતા જીવનની વાસ્તવિક પ્રવૃત્તિઓ બાળક પાસે ધરવાનું વધુ ઉચિત માંનતા હતા. તેથી ગિજુભાઈ બધેકા એ તેમના બાલમંદિરમાં જીવનની અનેક પ્રકારની વિવિધ પ્રવૃત્તિઓ ઊભી કરીને વાસ્તવિક જીવનના કામો બાળકો પાસે મૂક્યા. ઢીંગલી સાથે રમતા બાળકો કરતા જીવનના નાના-મોટા કામો વાસ્તવિકતાથી કરતું બાળક વધારે વ્યવહારુ લાગે છે.

(3.1.6) કુદરત પરિચય

ગિજુભાઈ બધે કહે જીવનના સર્વાંગીણ વિકાસમાં કુદરતના પરિચયને પણ મહત્વનો ગણ્યો છે. તેના લીધે પક્ષીઓનો પરિચય, પ્રાણીઓનો પરિચય, જીવજંતુઓનો પરિચય, સસલા ઉછેર, પતંગિયા ઉછેર, માળાઓ શોધવા અને જોવા વગેરે પ્રવૃત્તિઓ શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં વિકસી હતી. આવી રીતે પુસ્તકોનું સર્જન પણ જોવા મળે છે જેમાં, ' ટેકરીની વનસ્પતિ' , 'વનવૃક્ષો', 'આશ્રમ વૃક્ષો' , 'આપણા પક્ષીઓ' , 'તારા ને ગ્રહો' વગેરે. વનસ્પતિ અને પ્રાણી વિકાસના અવલોકન માંથી બાળક મનુષ્ય વિકાસના અવલોકન તરફ વળે છે. છોડ અને પ્રાણીઓને ઉછેરનાર બાળકને જ્યારથી અનુભવ દ્વારા માલુમ પડે છે કે છોડનું જીવન વખતસર અને કાળજીપૂર્વક ખોરાક આપવા ઉપર આધાર રાખે છે તે બાળક તેને પાણી ન પાય અને ખોરાક ન આપે તો છોડ સુકાઈ જાય અને પ્રાણી ભૂખે મરી જાય, ત્યારથી જાણે કે તેના જીવનના પરમ કર્તવ્યનું તેને ભાન થાય છે. તે તેનું જાગૃત સાધન બને છે.

(3.1.7) બાલરમતો

શેરીઓમાં અને મેદાનોમાં બાળકો પોતાની રીતે રમતો રમ્યા કરતા હોય છે. આ બાળરમતોની બાળકોને આકર્ષવાની શક્તિ અને બાળકોનો વિકાસ કરવાની તેની સબળતાથી ગિજુભાઈ આકર્ષાયા હતા. તેથી ગિજુભાઈએ બાલમંદિરમાં રમતોને દાખલ કરી. ગિજુભાઈ એ પોતાના સાથીદારોની મદદ લઇ અનેક બાળ રમતો એકઠી કરી અને જરૂર પડે ત્યાં તેને સંસ્કારી બનાવી હતી. આ બધી રમતો બાળકોને વ્યવસ્થિત અને શાંત બનાવવા માં. બાળકોનો શિક્ષકો સાથેનો પ્રેમ ભર્યો સંબંધ ઊભો કરવામાં અને બાળકોના જીવન માં શારીરિક તથા માનસિક વિકાસ કરવામાં ખૂબ ઉપયોગી થઈ હતી. બાળકો બાળકો વચ્ચેના સંબંધો પણ આ રમતો થી પ્રેમ અને આનંદ ભર્યા બનતા. આ રમતો રમતા બાળકો આગળ જતા

સરમુખત્યારશાહી વલણો તરફ જવા કરતા લોકશાહી વલણો તરફ વિશેષ ઢળે છે. માનવ - માનવ વચ્ચેના સંબંધોને વધુ માનવભર્યા બનાવે છે. આ વાતોની નજર વર્ષો પહેલા ગિજુભાઈ તરફ પહોંચી હતી, અને ગિજુભાઈએ બાલમંદિરમાં બાલ રમતોની ગોઠવણી કરી હતી.

4.મૂલ્યાંકન

માનવીના જીવનમાં 2 થી 6 વર્ષનો ગાળો જીવન ઘડતર માટે ઘણો અગત્યનો હોય છે. અને એથી એ ઉંમરે બાળકને સુંદર અને સંસ્કારી વાતાવરણ ગીજુભાઈએ આપવાનો ખૂબ સારો પ્રયત્ન કર્યો હતો. બાલમંદિર ના સમગ્ર વાતાવરણ ઉપર પણ આપણે આપણી નજર ફેરવીએ. સ્વાતંત્ર્ય, બાળકો સાથે નો સૌનો વ્યવહાર અને વાતચીત, કાર્યકરો નો એકબીજા સાથેનો વ્યવહાર, શાળાનો શણગાર, વ્યવસ્થા- આ બધા આ વાતાવરણના અંગો હતા. કલામંદિરના કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ પણ બાલમંદિરના વાતાવરણની મજામાં ઓર વધારો કરતા હતા.

આતમના એ અજવાળા ધરતી પરથી વિલાપ પામે તે પહેલા આપણા હૃદયને તેની ઝાંખી થવા દઈએ અને એ અજવાળા વિલાપ પામે નહીં એવી પરિસ્થિતિ ઊભી કરી દઈએ તો ગિજુભાઈ નો આત્મા પરમ શાંતિ અનુભવશે.

સંદર્ભ ગ્રંથો

[1] સ્વ બધેકા, ગિજુભાઈ, મોન્ટેસરી પદ્ધતિ, સંસ્કાર સાહિત્ય મંદિર, ૧૯૨૭
[2] પાઠક, ભારતલાલ, ગિજુભાઈ નું કેળવણીમાં પ્રદાન, આર આર શેઠની કંપની, ૧૯૭૮.
[3] બધેકા, ગિજુભાઈ, દિવાસ્વપ્ન, નવજીવન પ્રકાશન, ૨૦૧૬.
[4] બધેકા, ગિજુભાઈ, શિક્ષણ અને જીવન, નવજીવન પ્રકાશન, ૨૦૧૨.
[5] બધેકા, ગિજુભાઈ, બાળક અને શિક્ષણ, નવજીવન પ્રકાશન, ૨૦૧૪.
[6] બધેકા, ગિજુભાઈ, માતૃભાષા અને શિક્ષણ, નવજીવન પ્રકાશન, ૨૦૧૧.
[7] બધેકા, ગિજુભાઈ, કેળવણીની કેડી, ગૂર્જર ગ્રંથરત્ન પ્રકાશન, ૨૦૧૦.
[8] બધેકા, ગિજુભાઈ, બાળકની દુનિયા, નવજીવન પ્રકાશન, ૨૦૧૫.
[9] બધેકા, ગિજુભાઈ, શિક્ષણની વાતો, નવજીવન પ્રકાશન, ૨૦૧૩.
[10] બધેકા, ગિજુભાઈ, બાળજીવન અને કેળવણી, ગૂર્જર ગ્રંથરત્ન પ્રકાશન, ૨૦૧૪.
[11] બધેકા, ગિજુભાઈ, નવી કેળવણીના માર્ગે, યુનિવર્સિટી ગ્રંથન નિર્માણ બોર્ડ, ૨૦૧૧.
[12] બધેકા, ગિજુભાઈ, શિક્ષકનું સ્થાન, નવજીવન પ્રકાશન, ૨૦૧૦.
[13] બધેકા, ગિજુભાઈ, બાળમંદિરની વાતો, નવજીવન પ્રકાશન, ૨૦૧૨.
[14] બધેકા, ગિજુભાઈ, કેળવણીના મર્મ, ગૂર્જર ગ્રંથરત્ન પ્રકાશન, ૨૦૧૩.